ક્રમાંક : એમવીપી/૨૭૮૨૦૧૪/૩૧/ ૬૫૬
વાહનવ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી,
બ્લોક નં.-૬, ૨/૩ માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર,
ગુજરાત રાજય,
તારીખ. ૪-૨૦૧૫.

5 FEB 2015

પ્ર તિ,
પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી અને સભ્ય સચિવશ્રી,
સ્થાનિક પરિવહન સત્તામંડળ,
અમદાવાદ, સુભાષબ્રીજ, અમદાવાદ.

વિષયઃ-અમદાવાદ શહેરમાં શહેરી ટેક્ષી સેવા શરુ કરવા બાબત.
સંદર્ભઃ- (૧) તા.૨૮-૭-૧૪ ની સરકારશ્રીની મંજુરી.
(૨) તા.૨૮-૮-૨૦૧૪ નો રાજય પરિવહન સત્તામંડળ, ગુજરાત રાજયનો ઠરાવ
(૩) તા.૧૯-૧-૨૦૧૫નું અમદાવાદ શહેરમાં સીટી ટેક્ષીના ભાડા માટેનું જાહેરનામુ.
(૪) મોટર વ્હીકલ્સ એકટ,૧૯૮૮ ની કલમ-૭૪ ની જોગવાઇઓ.

શ્રીમાન,

ઉપરોકમત વિષય તથા સંદર્ભે જણાવવાનું કે, નાગરિકોને પરિવહન સેવાનો વધુ એક સારો વિકલ્પ આપવા શહેરી ટેક્ષી સેવાના નિયમન માટે, મુસાફરોને સારી સેવા મળે તે માટે, મુસાફરો અને ખાસ કરીને સીનીયર સીટીઝનો અને મહીલાઓની સલામતી જળવાય તે હેતુ માટે મોટર વ્હીકલ્સ એકટ,૧૯૮૮ ની કલમ-૭૪ ની જોગવાઇઓ લક્ષમાં લઇ ગુજરાત રાજયમાં શહેરી ટેક્ષી માટે **પરિશિષ્ટ-૧** માં દર્શાવ્યા પ્રમાણે પરમીટની વધારાની શરતો ઠરાવવા સરકારશ્રીએ તા.૨૭-૮-૨૦૧૪ ના આદેશથી મંજુરી આપેલ છે.

આ મંજુરી અન્વયે પરિશિષ્ટ-૧ માં દર્શાવ્યા પ્રમાણે પરમીટની વધારાની શરતો ઠરાવવા રાજય પરિવહન સત્તામંડળ, ગુજરાત રાજય ધ્વારા સંદર્ભ-૨ થી ઔપચારિક ઠરાવ કરવામાં આવેલ છે. તેમજ પાયલોટ પ્રોજેકટ તરીકે અમદાવાદ-ગાંધીનગર શહેરમાં તથા તેની આજુબાજુના ૨૦ કી.મીટર વિસ્તાર માટે આ સેવા માટે ભાડુ ઠરાવવા સંદર્ભ-૩ થી સરકારશ્રી એ જાહેરનામું બહાર પાડેલ છે. જેની નકલ પરિશિષ્ટ-૭ સામેલ છે. **જે મુજબ મીટર ડાઉનીગ કોષ્ટ રુ.૨૦/- તેમજ ત્યારબાદ પ્રતિ રનીંગ કીલોમીટરના રુ.૧૨/- લેખે નોન એસી ટેક્ષીનુ ભાડુ લેવાનું થશે. જયારે એસીનું ભાડુ આ દર કરતાં** ૧.૨૫ ગણું લેવાનું રહેશે.

વધુમાં વાહનની ડીઝાઇન પણ મંજુર કરવામાં આવેલ છે.

આ પરિપત્ર તુરંતજ અધ્યક્ષશ્રી, આરટીએ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી અને કલેકટરશ્રી સમક્ષ રજુ કરી જરુરી કાર્યવાહી હાથ ધરવા જણાવવામાં આવે છે. કલમ-૭૪ મુજબ પરમીટની શરતોમાં ફેરફાર કરવા, શરત ઉમેરવા, રદ્ કરવા આરટીએને સત્તા છે.

વધુમાં જણાવવાનું કે, આ ઠરાવ થયેથી નીચેની કામગીરી હાથ ધરવાની થશે.

સૂચનાઓ :-

(૧) આપની કાર્યક્ષેત્રની હકુમતમાં શહેરી ટેક્ષી ચલાવવા માંગતા ઓપરેટરોની તાત્કાલીક મીટીંગ બોલાવવાની રહેશે. અને તે મીટીંગમાં આ જોગવાઇઓ અંગે સમજ આપવાની રહેશે.

(૨) નવી શહેરી ટેક્ષી સેવા શરૂ કરવા ઇચ્છતા માલીકે/સંચાલકે તેની પેઢીની/કંપનીની વિગત, વાહનની વિગત તેમજ ડ્રાઇવરની વિગતની જાણ સંચાલકે **લાગુ પડતા પોલીસ સ્ટેશનમાં** કરાવવાની રહેશે. પોલીસમાં જાણ કરવાની અરજીનો નમૂનો **પરિશિષ્ટ-૨** થી સામેલ છે.

2

(૩) શહેરી ટેક્ષી ચલાવવા માટેની અધિકૃતતા મેળવવા જે તે સંચાલકે સ્થાનિક પરિવહન સત્તા મંડળને અરજી કરવાની રહેશે અને સાથે આ તમામ શરતોનું પાલન કરશે તેવું અન્ડરટેકીંગ સોગંદનામાના સ્વરુપમાં આપવાનું રહેશે અને સાથે પોલીસમાં જાણ કરેલ હોવાનો પુરાવો રજુ કરવાનો રહેશે. સ્થાનિક પરિવહન સત્તામંડળમાં કરવાની અરજીનો નમૂનો **પરિશિષ્ટ-૩** થી સામેલ છે.

(૪) આવી અરજી મળતા સત્તામંડળ ધ્વારા ઉપર જણાવેલ શરતોનું પરિપુર્ણપણે પાલન થાય છે કે કેમ તે ધ્યાને લઇ અરજીની નોંધ લઇ અધિકૃત શહેરી ટેક્ષી સંચાલક તરીકેનું પ્રમાણપત્ર આપવાનું રહેશે. આ પ્રમાણપત્ર આપતા પહેલાં અરજદારની વિગતો ચેક કરવા માટેના ચેકલીસ્ટનો નમૂનો **પરિશિષ્ટ-૪** થી સામેલ છે. સ્થાનિક પરિવહન સત્તામંડળ ધ્વારા આપવાના પ્રમાણપત્રનો નમૂનો **પરિશિષ્ટ-૫** થી સામેલ છે.

(૬) જે સંચાલકોને તેમના વાહનોની નવી પરમીટ મેળવવાની થાય તેમાં ઉપરોકત શરતો ઉમેરવાની રહેશે. વાહનોમાં પરમીટ મળેલી હોય તો તેમાં સ્થાનિક સત્તામંડળે /ડિલીગેશન ઓફ પાવર અન્વયે સભ્ય સચિવે/આરટીઓએ ઉપરોકત જણાવેલ શરતો ઉમેરવાની રહેશે.

(૭) અધિકૃતતા મળ્યા બાદ નવું વાહન દાખલ કરવા અથવા નવી પરમીટ મેળવી વાહન દાખલ કરવા અથવા જુની પરમીટના વાહનને આ સંચાલનમાં દાખલ કરવા જરુરી પરમીટ શરતો ઉમેરી આ પ્રમાણપત્ર સાથેના વાહનના લીસ્ટમાં તેનો ઉમેરો કરવાનો રહેશે.આ અંગે સ્થાનિક પરિવહન સત્તામંડળને કરવાની અરજીનો નમૂનો **પરિશિષ્ટ-૬** થી સામેલ છે.

**આ પરિપત્ર તથા તે અન્વયે થયેલ આરટીએના ઠરાવની જાણ આપના વિસ્તારના પોલીસ કમિશ્નરશ્રી અથવા પોલીસ અધિક્ષકશ્રીને તાત્કાલીક કરવાની રહેશે.**

આ સૂચનાઓનો ચૂસ્ત અમલ કરવા તથા આરટીએના ઠરાવની અત્રે જાણ કરવા સૂચના આપવામાં આવે છે.

નોંધ પર કમિશ્નરશ્રીની મંજુરી મુજબ.

ખાસ ફરજ પરના અધિકારી
વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી
ગુજરાત રાજય,ગાંધીનગર.

**નકલ જાણ સારુ સવિનય રવાનાઃ-**

પ્રતિ,

(૧) માન. મંત્રીશ્રી, (પા.પુ.,શ્રમ રોજગાર, વા.વ્ય.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૧, પહેલો માળ, સચિવાલય, ગાંધીનગરને આ પરિપત્ર માન.મંત્રીશ્રીના ધ્યાને મુકવાની વિનંતી સહ.

(૨) અગ્ર સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગના અંગત સચિવશ્રી, બીજો માળ, બીજો બ્લોકને આ પરિપત્ર માન.મંત્રીશ્રીના ધ્યાને મુકવાની વિનંતી સહ.

(૩) પોલીસ મહાનિર્દેશકશ્રી, પોલીસ ભવન, છ-રોડ ગાંધીનગરને જાણ તથા તાબાના અધિકારીઓને અમલ કરવાની સૂચના આપવા *આપના નં.૧૮૬/એસટીડી/આરબી/કેબ્સ/૪૩૪/૨૦૧૪* ના અનુસંધાને વિનંતી સહ.

**નકલ અમલ કરવા સારુ રવાનાઃ-**

(૧) તમામ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી,
તથા તમામ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી.

(૨) તમામ ઈન્ચાર્જ/ મોટર વાહન નિરીક્ષકશ્રી ચેકપોસ્ટ.

(૩) મોટર વાહન નિરીક્ષકશ્રી, મોટર વાહન નિરીક્ષકની કચેરી, મોડાસા-ગાંધીધામ

:સીટીટેક્ષી:૧:

## પરિશિષ્ટ-૧.
## શહેરી ટેક્ષી માટેની પરમીટ શરતો.

૧. **વાહન.**

શહેરી ટેક્ષી માટે નીચે પ્રમાણે વ્યવસ્થા/ જોગવાઇવાળુ વાહન હોવું જોઇશે.

:એ: ડ્રાઇવર સિવાય લઘુત્તમ ચાર મુસાફરો સમાવવાની ક્ષમતા ધરાવતી મોટરકેબ.

:બી: લઘુત્તમ ૭૫૦ સીસી એન્જીનની ક્ષમતા હોવી જોઇશે.

:સી: વાહન કંપની ધ્વારા સીએનજી કીટ ફીટ કરેલ હોવું જોઇશે. અથવા પેટ્રોલમાં વાહનમાં પાછળથી કીટ ફીટ કરેલ હોવી જોઇશે.

:ડી: વાહનમાં સામાન રાખવાની જગ્યા હોવી જોઇશે અથવા વાહન પર યોગ્ય લગેજ સ્ટેન્ડ લાગેલું હોવું જોઇશે.

:ઇ: વાહન તેની રજીસ્ટ્રેશન તારીખથી ત્રણ વર્ષથી વધારે જુનુ ન હોવું જોઇએ અને આવું વાહન તેની રજીસ્ટ્રેશન તારીખથી આઠ વર્ષની ઉંમર થાય ત્યાં સુધી શહેરી ટેક્ષી સેવામાં લઇ શકાશે ત્યારબાદ પરમીટ રીન્યુ કરી શકાશે નહીં.

:એફ: ટેક્ષીમાં મુસાફરોની સરળતા તેમજ સરળ સંચાલન માટે ઇલેક્ટ્રોનીક મીટર ફીટ કરેલ હોવું જોઇશે.

:જી: આ ટેક્ષીની આગવી ઓળખ માટે વાહન વ્યવહાર કમિશ્નરશ્રીએ ઠરાવ્યા મુજબ રંગ હોવા જોઇશે.

૨. **ડ્રાઇવર.**

આ ટેક્ષી સેવામાં ઉપયોગમાં લેવાનારી ટેક્ષીમાં ડ્રાઇવરે નીચે પ્રમાણેની જરુરીયાતો પુર્ણ કરવાની રહેશે.

:એ: ડ્રાઇવરે અલાયદો સીટી ટેક્ષી બેઝ લેવાનો રહેશે.

:બી: ડ્રાઇવરે પોલીસ વેરીફીકેશન કરાવવાનું રહેશે.

:સી: શહેરી ટેક્ષીના ડ્રાઇવરે ભુરા રંગનો યુનિફોર્મ ફરજીયાતપણે પહેરવાનો રહેશે.

૩. **ભાડુ .**

:એ: આ ટેક્ષીમાં રાજય સરકારે મોટર વ્હીકલ્સ એકટ,૧૯૮૮ ની કલમ-૬૭ હેઠળ પ્રસિધ્ધ કરેલ ભાડાના નોટીફીકેશન પ્રમાણે ભાડુ લેવાનુ રહેશે.

:બી: આ ભાડાની ગણતરી માટે વપરાશના કી.મી.અને કી.મી.દીઠ ભાડાની માહિતી સ્પષ્ટ રીતે મુસાફરને મળે તે માટે સ્પષ્ટ ડીસ્પ્લે ધરાવતું ઇલેક્ટ્રોનીક મીટર લગાવવાનું રહેશે.